# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૭/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# 'ચિંતા અને સતર્કતા વચ્ચેનો સુક્ષ્મભેદ જળવાય એવા ભાન અને સાન રાખજો, કે કોવિડ શરીરમાં ન પ્રવેશે એની સાથોસાથ મનમાંય ન પ્રવેશે એનું ધ્યાન રાખજો..'

## ચેમ્બર દ્વારા યોજાયેલા કવિ સંમેલનમાં કવિઓએ કોરોનાના કહેરમાં કવિતાઓની મહેર વરસી

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૭:૦૦ કલાકે વિડિયો કોન્ફરન્સ (વેબીનાર) થકી 'કવિ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ગુજરાતી ભાષાના ચાર દિગ્ગજ કવિગણ શ્રી તુષાર શુકલ, ડો. શ્યામલ મુન્શી, શ્રી અંકિત ત્રિવેદી અને ડો. મુકુલ ચોકસીએ કોરોનાના કહેરમાં કવિતાઓની મહેર વરસાવી હતી. લોકડાઉનની સ્થિતિ જાણે એકસમય માટે ભૂલાઇ ગઇ હોય તેમ કવિગણ લોકોને એક અલગ જ દુનિયામાં લઇ ગયા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, લોકડાઉનની પરિસ્થિતિમાં વેબીનાર દ્વારા ઉદ્યોગકારો તેમજ લોકોને વિવિધ વિષયો અંગે માહિતગાર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે ત્યારે આજે વેબીનાર થકી કવિ સંમેલનનું આયોજન થયું છે. જેમાં ગુજરાતના ખ્યાતનામ કવિઓ જોડાયા છે.

કવિશ્રી મુકુલ ચોકસીએ કવિતાની પંકિતઓ રજૂ કરી હતી કે, 'કોરોનાનું સ્કોરબોર્ડ જોવું જ પડે, વધતા આંકથી ભલે ને પીડા થતી હોય, કે જાણે કે ઇન્સાન અને ભગવાન વચ્ચે જીવન નામની ફાઇનલ મેચ રમાતી હોય.'

કોવિડ ઓછા લોકોનાં શરીરમાં છે પણ લાખો લોકોના મનમાં ફેલાઇ ગયો છે. એના પરથી તેમણે એવી પંક્તિઓ રજૂ કરી હતી કે, 'ચિંતા અને સતર્કતા વચ્ચેનો સુક્ષ્મભેદ જળવાય એવા ભાન અને સાન રાખજો, કે કોવિડ શરીરમાં ન પ્રવેશે એની સાથોસાથ મનમાંય ન પ્રવેશે એનું ધ્યાન રાખજો.' સુરતી સ્વભાવને કારણે કોરોનાને માફક આવે એવી સ્ફોટક સ્થિતિનું આજે નિર્માણ થઇ રહયું છે ત્યારે તેમણે સુરતીલાલાઓ માટે ખાસ પંક્તિઓ રજૂ કરી હતી કે, 'ભીડ ને ટોળાં નહી થાય તો કંઇ વાત બને, સૌને ઘરમાં જ ગમી જાય તો કંઇ વાત બને, કે ટૂંકમાં આવનારા કેટલાક સપ્તાહ સુધી સુરતીઓ મટી જાય તો કંઇ વાત બને.' જવાહર બક્ષીની બે પંક્તિઓ રજૂ કરતા તેમણે કહયું કે 'દૂર થા કોઇ વખત મોંઘી પડી પણ નિકટતતા તો સતત મોંઘી પડી.'

કવિ ડો. શ્યામલ મુન્શીએ જણાવ્યુ હતુ કે, 'મહાનલની જવાળાની પરચાની ઘટના તો એકજ તીખારે બની પણ શકે છે, ન ચિંતન, મનન કે અધ્યયનથી બને કે બસ એકજ વિચારે બની પણ શકે ને દિવાલોની વચ્ચે સ્મરણ સાચવીને રહેલો સમય ઓળખી લે ટકોરા ન કોઇ ભુલ્યો છતાં ન ખૂલ્યો હોય એવું પણ દ્વારે બની શકે છે, ને મળ્યા છે તે બંને મળ્યાં તે પહેલાં અજાણ્યા હતા સાવ એ વાત સાચી, તુ મળ્યાં તો છુટા પડીને અજાણ્યા વધારે બની પણ શકે છે, ને યુગોથી આ માણસ ઉઠે છે પરંતુ દુઃખદ વાત છે કે નથી જાગતો એ, વિચારીને સૂરજ ઉગે ના પછી એમ કોઇ સવારે બની પણ શકે છે, નથી કયાંય ઇશ્વરને જોયો કદી કે નથી એને ઇશ્વર વિશે જાણકારી છતાં ઇશ્વરો માણસોના અહી માણસોના પ્રકારે બની પણ શકે છે.'

કવિશ્રી અંકિત ત્રિવેદીએ મુકતક રજૂ કર્યુ હતુ કે, 'પંક્તિ બે પંક્તિમાં જાદુ હોય છે આ ગઝલનું શહેર દાદુ હોય છે, અર્થની મંડાય છે અહી શબ્દ પણ એકાદ પ્યાદુ હોય છે.' 'અવાજો વગરના બજારો ગણી લે, મને સાંજે પડતી સવારો ગણી લે, ભરચક વિચારમાં કોઇ ગુમનામ નીકળ્યું, રસ્તો હતો નહીં અને સુમસામ નીકળ્યું, પાસે હતું ને ત્યાં સુધી અડચણ કશી ન હતી ઉંચે ગયું ને એ તરત બદનામ નીકળ્યું, કે વ્યસ્તતામાં કોઇ ભી કાવ્યો લખે નહીં, ફુરસદ તમારી યાદનું ઉપનામ નીકળ્યું, સરનામું લઇને શોધતો તો બહાર જેને હું, આંખો કરી જયાં બંધ એનું ધામ નીકળ્યું.' તેમણે 'બધાને દંડવત કરી એ નમન કરે છે, મને મારી ભાષા વધારે ગમે છે' કવિતાની પંક્તિઓ પણ રજૂ કરી હતી.

કવિશ્રી તુષાર શુકલએ લોકડાઉન અંગે પંક્તિઓ રજૂ કરી હતી કે, 'એવાય હોય જેને ફાવે નહી ઘેર, ઘરનુ ખાવાનું જેને લાગતુ હોય ઝેર, એવાની વાત સાવ જુદી છે ભાઇ, આપણે તો એય બેઠા હીચકે છે લહેર, કેન્સલ થઇ ડેટ અરે ઓલીયેય ગઇ, કેલેન્ડર જોયા હવે રહી ગઇ છે કંઇ, માઇક નહી અને એકેય શ્રોતાએ નહી, તાળીઓ નહી સાંભળે રે ચાલી કઇ, કોન કરે સેલ્ફીનો મદમીઠો કહેર, આપણે તો એય બેઠા હીચકે છે લહેર, ને લીલુડા ઝબ્બાય ઉભા સુકાય, મેચીંગની બંડી પણ મનમાં હીજરાય, ને શાલ તણાય હીબકાએ કાનુ સંભળાય, લોકડાઉન જાય પછી રહેશે નહી ખેર, જાઉ તો હોય પણ નથી કાર્યક્રમ કયાંય, આપણે તો એય બેઠા હીચકે છે લહેર.'

તેમણે દાદાની રચના રજૂ કરી હતી કે, 'વડવાઇની વચ્ચે એનું ખોવાયુ છે થડ, એક લાકડી ઉપર ઉભો દાદા નામે વડ, ભાગદોડના દિવસો તો ભાગીને દોડી ગયા, ઝીર્ણ શરીરે કરચલીઓની અવગણનાએ સીમા બાંધી દાદાજી ફરતે, દાદા સાથે સમય અજાણ્યા માણસ માફક વર્તે, જીવન નિરુપયોગી થયુ એટલે સસ્તુ, દાદા વ્યકિતમાંથી જાણે બની ગયા એક વસ્તુ, તન અને મન એકમેકની છોડાવે પકડ, એક લાકડી ઉપર ઉભો દાદા નામે વડ.' યંગસ્ટર્સ માટે પણ તેમણે પંક્તિ રજૂ કરી હતી કે 'એકદિવસ યંગ થઇ ગઇ પાડોશીની છોકરી,

મેગ્નેટીક તરંગ થઇ ગઇ પાડોશીની છોકરી.' તેમણે કવિતાઓની પંક્તિથી લોકોને સંવેદનશીલ બનાવી દીધા હતા. કેટલાકને વિદેશ પરણેલી દિકરીઓની યાદ આણી દીધી હતી.

આ વેબીનારમાં ભારતમાંથી જ નહીં બલ્કે અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને ગલ્ફ કન્ટ્રી ઓમાન અને મસ્કતથી પણ ૫૧૪ જેટલા રેકોર્ડબ્રેક લોકોએ ભાગ લીધો હતો. જેમનો જબરજસ્ત પ્રતિભાવ સાંપડયો હતો. સુશ્રી એશા દાદાવાલાએ કવિ સંમેલનનું ખૂબ જ કુશળતાપૂર્વક સંચાલન કર્યુ હતુ. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી.અંતે ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.